દસ દિ'માં સમસ્યા નહીં ઉકેલાય તો ફરી આંદોલનઃ

ખંભાળિયાના ગ્રામ્ય પંથકમાં વીજધાંધિયાથી કંટાળેલા ગ્રામજનોએ સબસ્ટેશનને કર્યો ઘેરાવ

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

ખંભાળિયા તા. ૧૮: ખંભાળિયા તાલુકાના ગ્રામ્ય પંથકમાં સતત વીજ ધાંધિયા તથા વીજ પુરવઠો વારંવાર ખોરવાતા તથા લાંબા સમય સુધી ફોલ્ટ દૂર ના થવા વારંવાર વીજકાપ, વીજ વાયરો તૂટવા ફોલ્ટ થવા વિગેરે મુદ્દાઓથી ખેડૂતોના ખેતરના પાક, પશુઓ તથા લોકોને પીવાના પાણી તથા ગરમીમાં વીજળી ના હોય પરેશાની થતી હોય, ખંભાળિયા તાલુકાના લાલપરડા ગામે લોકોના ટોળા એકઠા થયા હતાં. ગામ પાસે આવેલા સબ સ્ટેશનનો ઘેરાવ કરતા પોલીસ દોડી હતી તથા મોટી સંખ્યામાં પોલીસ દ્વારા બંદોબસ્ત રાખીને લોકોને આગળ વધતા અટકાવાયા હતાં.

દસ દિવસમાં યોગ્ય નહીં થાય તો આંદોલન

સતત વીજફોલ્ટ, વીજ પ્રશ્નોથી થાકેલા ખેડૂતો, ગ્રામજનો થા આમ જનતા દ્વારા વીજ પ્રશ્ને ઘેરાવ કરતા પી.જી.વી.સી.એલ.ના ઉચ્ચ અધિકારીઓ પણ લાલપરડા ગામે દોડી આવ્યા હતાં. તેમણે લોકોને દસ દિવસમાં આ સમસ્યા હલ થઈ જશે તેમ ખાતરી આપતા લોકો શાંત થયા હતાં. જો દસ દિવસમાં આ પ્રશ્ન નહીં ઉકેલાય તો ફરી લડત શરૂ કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી હતી.

ચાર દિ'સુધી ચાર રાજ્યોમાં ભીષણ હીટવેવની આગાહી

રાજધાની દિલ્હીમાં તાપમાનનો પારો ૪૭ ડિગ્રીને પારઃ ચિંતાજનક સ્થિતિ

નવી દિલ્હી તા.૧૮: ઉત્તર-પશ્ચિમ ભારતમાં અગનવર્ષા થઈ રહી છે અને દિલ્હીમાં પારો ૪૭ ડિગ્રીને પાર પહોંચ્યો છે. તેથી બાળકો, વૃદ્ધો અને બીમાર લોકોને ઘરની બહાર ન નીકળવાની સલાહ અપાઈ છે. તા. ૧૮ થી ૨૧ મે દરમ્યાન રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હીના કેટલાક ભાગોમાં ભીષણ હીટવેવની આગાહી કરવામાં આવી છે.

ઉત્તર પશ્ચિમ ભારતમાં આકાશમાંથી આગ વરસતા લોકો ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. દેશના કેટલાક રાજ્યોમાં ગરમીની સ્થિતિ ચિંતાજનક બનતી જાય છે. કેટલાક શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રીને પાર થઈ ગયું છે.

સરકાર પણ ગરમીથી બચવા જરૂરી તમામ ઉપાયો કરવાની લોકોને અપીલ કરી રહી છે. આ મુશ્કેલ પરિસ્થિતિમાં હવામાન વિભાગની આગાહીએ ચિંતામાં વધારો કર્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસોમાં ગરમીનો પ્રકોપ હજુ પણ વધી શકે છે.

આજે દેશમાં સૌથી વધુ તાપમાન દિલ્હીના નજફગઢમાં ૪૭.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાવવામાં આવ્યું હતું. રાજસ્થાનના ૧૯, હરિયાણાના ૧૮, દિલ્હીના ૮ અને પંજાબમાં બે સ્થળોએ ૪૫ ડિગ્રીથી વધુ તાપમાન નોંધવામાં આવ્યું હતું.

અમેરિકા સ્થિત ક્લાયમેટ વિજ્ઞાનીઓના જૂથ ક્લાયમેટ સેન્ટ્રલે જણાવ્યું છે કે, આ સમયગાળા દરમ્યાન ભારતના ૫૪.૩ કરોડ લોકોને એક દિવસ માટે તીવ્ર ગરમીનો અનુભવ કરવો પડશે. વર્લ્ડ વેધર એટ્રિબ્યુશન ગ્રુપના વિજ્ઞાનીઓએ જણાવ્યું છેકે, ક્લાયમેટ ચેન્જને કારણે પડી રહેલ હીટવેવને કારણે સમગ્ર એશિયામાં વસતા ગરીબોનું જીવન વધુ મુશ્કેલ બની રહ્યું છે.

નજફગઢ પછી દેશમાં સૌથી વધુ તાપમાન હરિયાણાના સિરસામાં ૪૭.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. આ અગાઉ ૩૦ એપ્રિલનો રોજ પશ્ચિમ બંગાળના કલાઈકુંડામાં ૪૭.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. ભારતીય હવામાન વિભાગે આપેલી ચેતવણી મુજબ ૧૮ થી ૨૧ મે દરમ્યાન રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં તીવ્ર ગરમી પડશે. હરિયાણા, પંજાબ, પૂર્વ રાજસ્થાન, દિલ્હી, ઉત્તરપ્રદેશ, બિહાર અને ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવી છે. જેને પગલે બાળકો, વૃદ્ધો અને બીમારોને ઘરની બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે.

બાંધકામો ખડકી કમાણી કરવા કેટલાક તત્ત્વો સજ્જઃ

દ્વારકા તથા બેટ દ્વારકાના નિષ્ક્રિય જેવા ટ્રસ્ટોની મિલકતો ટાર્ગેટ પર!

ઓખા તા. ૧૮: ઓખાથી બેટ દ્વારકા વચ્ચેના સુદર્શન સેતુના નિર્માણ પછી દ્વારકા તથા બેટ દ્વારકામાં આવેલી કેટલાક ટ્રસ્ટની જમીન પર મિલકતો ખડકવા અને કમાણી કરી લેવાના કારસ્તાન રચાઈ રહ્યા હોવાની વિગતો બહાર આવી રહી છે.

ઓખા અને બેટ દ્વારકા વચ્ચે સમુદ્રમાં સુદર્શન સેતુ નિર્માણ થતા બેટ દ્વારકામાં પ્રવાસનને વેગ મળવાની સાથે જ અહીંની બેકાર લાગતી જગ્યાઓનો ભાવ સડસડાટ ઉંચો જવાની સ્થિતિમાં ભૂ માફિયાઓ પોતાનું સામ્રાજ્ય ફેલાવવા તત્પર થયા હોવાનું ચિત્ર સામે આવ્યું છે.

બેટ દ્વારકામાં અને દ્વારકામાં અનેક ટ્રસ્ટ એવા છે જે હાલ નિષ્ક્રિય જેવી અવસ્થામાં છે ત્યારે આવા ટ્રસ્ટોની કિંમતી જમીનો પર દબાણ કરી કમાણી કરવાનું ચાલુ થયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. દ્વારકામાં પણ આ જ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનું નિષ્ણાતોનું કહેવું છે. બાંધકામની પરવાનગી મેળવવા કેટલાક વ્યક્તિઓ હરકતમાં આવ્યા છે ત્યારે સ્થાનિક તંત્રની પણ મિલીભગત હોવાની વાત પ્રકાશમાં આવી છે. ભૂમાફિયાઓ તંત્રનાં હોદ્દેદારો સાથે મસમોટા વ્યવહારો કરી ટ્રસ્ટોની મિલકતો પચાવી લેવાનો છાનો 'પરવાનો' મેળવી લેતા હોવાની બાબત પણ પ્રકાશમાં આવતા આ બાબતે ચેરીટી કમિશ્નર દ્વારા તપાસ કરવામાં આવે એવી માંગ છે.

ચિરવિદાય

ધ્રોલના પ્રેસ પ્રતિનિધિ રાજભાના માતાનું અવસાન

પ્રોલઃ મોટી વાગુદડ (હાલ પ્રોલ) નિવાસી કુસુમબા બળવંતસિંહ જાડેજા (ઉ.વ. ૯૭), તે કૃષ્ણસિંહ, કિશોરસિંહ, પ્રદ્યુમનસિંહ (રાજભા) જાડેજા (પ્રેસ પ્રતિનિધિ, આજકાલ), પ્રકાશબા કિશોરસિંહ વાઘેલા (ધનાળા), હંસાબા ગજેન્દ્રસિંહ ઝાલા (કારોલ) (હાલ રાજકોટ) ના માતાનું તા. ૧૫-૫-૨૦૨૪ ના અવસાન થયું છે. (સંપર્કઃ મો. ૯૨૨૮૧૭૩૬૪૩).

જામનગરઃ ચંદ્રકાન્તભાઈ ઉમેદલાલ વડનગરા (મોડાવાળા), તે પૂનમબેન વિપુલકુમાર ગુસાણી, સંજયભાઈ ચંદ્રકાંત વડનગરા, પૂરીન ચંદ્રકાંત વડનગરાના પિતા તથા ચૈતાલી પૂરીન વડનગરાના દાદા તથા હર્ષદભાઈ ઉમેદલાલ વડનગરા, નરેન્દ્રભાઈ ઉમેદલાલ વડનગરા, દિલીપભાઈ ઉમેદલાલના મોટાભાઈનું તા. ૧૭-૫-૨૦૨૪ ના અવસાન થયું છે. સદ્ગતનું બન્ને પક્ષનું બેસણું તા. ૧૮-૫-૨૦૨૪, શનિવારના સાંજે ૫ થી ૫.૩૦ દરમિયાન પાબારી હોલ, તળાવની પાળ, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

જામનગર નિવાસી અને મૂળ ગામ પડાણાના સ્વ. ચુનીલાલ મોહનલાલ ચુડાસમાના મોટા પુત્ર હરીશભાઈ ચુનીભાઈ ચુડાસમા (લાલો) (પડાણા હેર આર્ટ), તે જીગ્નેશભાઈના મોટાભાઈ તથા નીતિનના પિતા, તથા ડો. પ્રફુલભાઈ ચુડાસમા (આપા સાહેબ), ચંદ્રેશભાઈ, નરેન્દ્રભાઈના ભત્રીજા તથા ઈરેન્દ્રભાઈના નાના ભાઈનું તા. ૧૭-૫-૨૦૨૪, ના અવસાન થયું છે. સદ્ગતનું ઉઠમણું તા. ૨૦-૫-૨૦૨૪, સોમવારના સાંજે ૪.૩૦ થી ૫.૩૦ દરમિયાન સાધના કોલોની, પહેલા ઢાળીયે, જલારામ મંદિર, જામનગરમાં રાખેલ છે.

આપની આવતીકાલ

જ્યોતિષીઃ ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૮૯ ૯૦૮૮

મેષ (અ-લ-ઈ) — આપની બુદ્ધિ-અનુભવ-આવડત-મહેનતથી આપના કામનો ઉકેલ લાવી શકો. ધંધામાં ઘરાકી આવી જાય. શુભ રંગઃ કેસરી શુભ અંકઃ ૮-૫

વૃષભ (બ-વ-ઉ) — રાજકીય-સરકારી કામમાં આપની મુશ્કેલીમાં વધારો થાય. હરિફ-ઈર્ષા કરનાર વર્ગને લીધે પ્રતિકૂળતા જણાય. શુભ રંગઃ પીળો શુભ અંકઃ ૬-૦

મિથુન (ક-છ-ઘ) — હૃદય-મનની બેચેનીને લીધે કામકાજમાં મન લાગે નહીં, કોર્ટ-કચેરીના કામમાં શાંતિથી દિવસ પસાર કરી લેવો. શુભ રંગઃ દૂધિયા શુભ અંકઃ ૧-૩

કર્ક (ડ-હ) — આપના કાર્યની સાથે અન્ય કામમાં વ્યસ્ત રહેવાનું બને. કૌટુંબિક-પારિવારિક કામ અંગે દોડધામ રહે. શુભ રંગઃ મરૂન શુભ અંકઃ ૨-૪

સિંહ (મ-ટ) — આપના કાર્યમાં સહકાર્યકરવર્ગ, નોકર-ચાકરવર્ગનો સહકાર રહે. પરદેશના કામમાં સાનુકૂળતા રહે. શુભ રંગઃ સફેદ શુભ અંકઃ ૩-૫

કન્યા (પ-ઠ-ણ) — કામકાજમાં પ્રતિકૂળતા રહે. જમીન-મકાન-વાહનના કામમાં ઉતાવળ કરવી નહીં. વડીલવર્ગની ચિંતા રહે. શુભ રંગઃ મોરપીંછ શુભ અંકઃ ૨-૬

તુલા (ર-ત) — વાહન ચલાવવામાં આપે ઉતાવળ કરવી નહીં. ધીરજ અને શાંતિ રાખીને દિવસ પસાર કરી લેવો. ખર્ચ જણાય. શુભ રંગઃ વ્હાલ શુભ અંકઃ ૫-૮

વૃશ્ચિક (ન-ય) — આપના કામકાજ અંગે દોડધામ-શ્રમ અનુભવાય. સીઝનલ ધંધામાં ઈર્ષા કરનાર વર્ગનો સામનો કરવો પડે. શુભ રંગઃ વાઈન શુભ અંકઃ ૬-૪

ધનુ (ભ-ધ-ફ-ઢ) — આપના અગત્યના કામકાજ અંગેની મિલન-મુલાકાતમાં ઈચ્છિત વ્યક્તિ સાથે મિલન-મુલાકાત થઈ શકે. શુભ રંગઃ જાંબલી શુભ અંકઃ ૨-૮

મકર (ખ-જ) — આપે તન-મન-ધનથી વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. કૌટુંબિક પ્રશ્ને ચિંતા જણાય. શુભ રંગઃ મેંદી શુભ અંકઃ ૫-૬

કુંભ (ગ-શ-ષ-સ) — દેશ-પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં સાનુકૂળતા મળી રહે. નોકર-ચાકરવર્ગનો સહકાર રહે. શુભ રંગઃ લીલો શુભ અંકઃ ૪-૨

મીન (દ-ચ-ઝ-થ) — દિવસના પ્રારંભથી જ આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું બને. કામનો ઉકેલ આવતો જાય. શુભ રંગઃ લાલ શુભ અંકઃ ૩-૭

આવતીકાલનું પંચાગ

સૂર્યોદય : ૬-૦૭ સૂર્યાસ્ત : ૭-૨૧

દિવસના ચોઘડીયા
(૧) ઉદ્વેગ (૨) ચલ (૩) લાભ (૪) અમૃત (૫) કાળ (૬) શુભ (૭) રોગ (૮) ઉદ્વેગ

રાત્રિના ચોઘડીયા
(૧) શુભ (૨) અમૃત (૩) ચલ (૪) રોગ (૫) કાળ (૬) લાભ (૭) ઉદ્વેગ (૮) શુભ

હિજરી સંવતઃ ૧૦૮૦, વૈશાખ સુદ-૧૧ : તા. ૧૯-૦૫-૨૦૨૪, રવિવાર
જૈન સંવતઃ ૨૫૫૦, વીરનિર્વાણઃ ૧૯૪૯, ગુરૂગ્રહઃ ૧૧૧૬, પારસી રોજ : ૮, મુસ્લિમ રોજઃ ૧૦, નક્ષત્રઃ હસ્ત, યોગઃ વજ્ર, કરણઃ ભદ્ર

જન્મેલાનું વર્ષફળ

તા. ૧૯ – મે ના દિવસે

આ સમયમાં નોકરી-ધંધામાં કેટલાક સમયથી અનુભવી રહેલી રૂકાવટ-મુશ્કેલીનો ધીમે-ધીમે અંત આવતો જાય. કામમાં પ્રગતિ જણાય. બદલી-બઢતીના પ્રશ્ને સાનુકૂળતા મળી રહે. નાણાકીય બાબતે આકસ્મિક ખર્ચ ઘટતા હાશકારો અનુભવાય. સંતાનનો સાથ-સહકાર મળી રહે. યાત્રા-પ્રવાસનું આયોજન ખર્ચાળ સાબિત થવા પામે.

બાળકની રાશિઃ કન્યા

ફાયરબ્રિગેડની ટીમે બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યાઃ

તળાવમાં અકસ્માતે પડી ગયેલા યુવાનને બચાવાયા

(તસ્વીરઃ પરેશ ફલીયા)

જામનગરના રણમલ તળાવની પાળ પર આવેલા બાલાહનુમાન મંદિર નજીકના બ્યુટીફિકેશનના ગેઈટ નં.૮ પાસે તળાવના ભાગમાં ગઈકાલે સાંજે નીતિનભાઈ ચુડાસમા નામના એક વ્યક્તિ અકસ્માતે તળાવમાં ઉથલી પડ્યા હતા. દોડી આવેલી ફાયરબ્રિગેડની ટીમે આ યુવાનને બહાર કાઢી ૧૦૮ મારફત સારવાર માટે જી.જી.હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

૧૫ ગામોના લોકોને સાવચેત કરાયાઃ

ઊંડ-૧ ડેમમાંથી ૨૦ મે ના ૬૦ મી. ઘન ફૂટ પાણી છોડાશેઃ સિંચાઈ વિભાગ

જામનગર તા. ૧૮: જામનગર જિલ્લાના ઊંડ-૧ ડેમમાંથી તા. ૨૦ ના પાણી છોડવામાં આવનાર છે. આથી જામનગર, ધ્રોળ અને જોડિયાના ૧૫ ગામના લોકોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

જામનગર તાલુકાના નંદપુર ગામ પાસેના ઊંડ-૧ ડેમમાંથી તા. ૨૦-૫-૨૦૨૪ ના ૬૦ મી. ઘનફૂટ પાણી નદીમાં છોડવામાં આવનાર છે.

આથી જામનગર તાલુકાના તમાચણ, રોજીયા, રવાણી, ખીજડિયા, ખંભાલીડા, ધ્રાંગડા, સણોસર, ધ્રોળ તાલુકાના વિરાણી ખીજડિયા, જોલિયા દેવાણી, માનસર, હમાપર, સોયલ, નવુ વડલા, માવાપર અને વાંકિયા અને જોડિયા તાલુકાના લખતર ગામ મળી કુલ ૧૫ ગામના લોકોને સાવચેત રહેવા, નદીના પટમાં અવરજવર નહીં કરવા તથા માલ-મિલકત, ઢોર-ઢાંખર, નદીના પટમાં અવરજવર નહીં કરવા દેવા-રાખવા સૂચના આપવામાં આવી છે. તેમ જામનગર સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરની યાદીમાં જણાવાયું છે.

કેજરીવાલના ઘરમાં મહિલા સાંસદની મારપીટનો મામલોઃ

સ્વાતી માલીવાલના મેડિકલ રિપોર્ટમાં ઈજાઓની પુષ્ટિ

નવી દિલ્હી તા. ૧૮: દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષ અને 'આપ'ના મહિલા સાંસદ સ્વાતી માલીવાલની મારપીટના મામલે મેડિકલ રિપોર્ટમાં ઈજાની પુષ્ટિ થઈ હોવાના અહેવાલો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ દિલ્હીના પૂર્વ મહિલા આયોગ સ્વાતિ માલીવાલ પર મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને મારપીટનો મામલો જોર પકડી રહ્યો છે. આ કેસમાં સ્વાતિ માલીવાલની મેડિકલ તપાસ કરવામાં આવી છે અને તેનો રિપોર્ટ આવ્યો છે. રિપોર્ટમાં એ વાતની પુષ્ટિ કરવામાં આવી હતી કે માલીવાલના ચહેરા પર ઈજાઓ હતી, ડાબા પગ પર વાગ્યાના નિશાન છે, જો કે આ અહેવાલોની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.

કહેવામાં આવી રહ્યું છે કે, સ્વાતિ માલીવાલની ત્રણ કલાક સુધી મેડિકલ ટ્રીટમેન્ટ કરવામાં આવી હતી, જેમાં તેમનો એક્સ-રે અને સિટી સ્કેન પણ કરવામાં આવ્યો હતો. મેડિકલ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સ્વાતિ માલીવાલને ચેહરા પર આંતરિક ઈજાઓ થઈ હોવાની પુષ્ટિ થઈ છે. ૧૩ મે ના સીએમ અરવિંદ કેજરીવાલના ઘરે સ્વાતિ માલીવાલ પર કથિત હુમલો થયો હતો. સીએમ કેજરીવાલના પીએ બિભવ કુમારે પણ હુમલો કર્યો હતો.

દિલ્હી એમ્સના ટ્રોમા સેન્ટરમાં તેમની મેડિકલ તપાસ કરવામાં આવી હતી. એમએલસીમાં તેની આંખો, ચહેરા અને પગ પર ઈજાઓની પુષ્ટિ થઈ છે. સ્વાતિ માલીવાલના મેડિકલ રિપોર્ટમાં સ્પષ્ટ છે કે તેને ડાબા પગમાં ઈજા થઈ છે. જમણી આંખ નીચે પણ ઈજાના નિશાન જોવા મળ્યા હતાં. મેડિકલ રિપોર્ટ અનુસાર માલીવાલના શરીર પર ચાર જગ્યાએ ઈજાના નિશાન જોવા મળ્યા હતાં, જ્યારે તે મેડિકલ સારવાર માટે હોસ્પિટલ પહોંચી તો માલીવાલે જણાવ્યું કે તેને માથામાં પણ ઈજા થઈ હતી, તેમ સૂત્રો ઉમેરે છે.

ભેજનું પ્રમાણ ૧૬ ટકા અને તાપમાન ૨.૩ ડીગ્રી ઘટ્યુંઃ

જામનગરમાં મહત્તમ તાપમાન ૩૭.૫ ડીગ્રી નોંધાયું

જામનગર તા. ૧૮: જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન ૨.૩ ડીગ્રીના ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૭.૫ ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૬ ટકા ઘટીને ૬૮ ટકા રહ્યું હતું. તેજીલા વાયરા તથા તાપમાન અને ભેજના પ્રમાણમાં થયેલા ઘટાડાના પગલે આકરા તાપ અને બફારામાં ઘટાડો થતા જનતાએ રાહત અનુભવી હતી.

જામનગરમાં શુક્રવારે મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડીગ્રી નજીક પહોંચી જતા અને ભેજનું પ્રમાણ ૮૪ ટકાએ પહોંચી જતા જનતા આકરા તાપ અને બફારાના બેવડા આક્રમણથી ત્રાહિમામ્ પોકારી ઊઠી હતી.

જામનગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન ૨.૩ ડીગ્રીના ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૭.૫ ડીગ્રી અને ૧.૫ ડીગ્રી ઘટીને લઘુતમ તાપમાન ૨૭.૫ ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૬ ટકા સુધી ઘટીને ૬૮ ટકાએ પહોંચી ગયું હતું. તેજીલા વાયરાઓ વચ્ચે તાપમાન અને ભેજના પ્રમાણમાં થયેલા ઘટાડાના પગલે આકરા તાપ અને બફારામાં પણ ઘટાડો થતા જનતાએ રાહત અનુભવી હતી.

નગરમાં પવનની ગતિ વધીને પ્રતિકલાકની સરેરાશ ૩૫ થી ૪૦ કિ.મી.ની રહેવા પામી હતી.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

ન્યાયતંત્રમાં પણ આમુલ સુધાર-વધારા થઈ રહ્યા છે, અને તે જરૂરી પણ છે. આપણા દેશમાં ન્યાય મેળવવાની પ્રક્રિયા મોંઘી, કઠીન અને લાંબી હોવાની ચર્ચા થતી રહે છે, અને તેના ઉકેલની દિશામાં શ્રેણીબદ્ધ કદમ પણ ઊઠાવાતા હોય છે. આ માટે દેશની નીચલી અદાલતોથી લઈને સુપ્રિમ કોર્ટ સુધીના ન્યાય તંત્રમાં પેન્ડીંગ રહેલા કરોડો કેસોનો ત્વરિત નિકાલ અને નવા કેસોમાં પ્રક્રિયા ઝડપી બનાવવાના પ્રયાસો પણ વધી રહ્યા છે. આ ઝુંબેશના ભાગ રૂપે જ લોકઅદાલતો, નાઈટકોર્ટ, ફાસ્ટ્રેક કોર્ટ તથા ફેમિલી કોર્ટોનો અભિગમ અપનાવાઈ રહ્યો છે. ગુજરાતમાં ફેમિલી કોર્ટનું વિસ્તરણ થઈ રહ્યું છે, તે સારા સંકેતો છે.

ગુજરાતના તમામ જિલ્લાઓ પછી હવે દરેક તાલુકામાં તબક્કાવાર ફેમિલી કોર્ટો સ્થાપવાનો હુકમ હાઈકોર્ટે કર્યો હોવાના અહેવાલો પછી તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટાફની જરૂરિયાતને લઈને પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે.

અહેવાલો મુજબ ગુજરાત હાઈકોર્ટે દરેક જિલ્લાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ જજોને તેના જિલ્લામાં એક ફેમિલી કોર્ટ માટે અલગ રૂમ ફાળવવા અને મરામતના કામો ૨૪ મી મે સુધીમાં સંપન્ન કરી લેવાના આદેશો આપ્યા છે, તે ઉપરાંત દરેક જિલ્લા-તાલુકા મથકે ફેમિલી કોર્ટ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટાફની વિગતો પણ જિલ્લા અદાલતો પાસેથી માંગી હોવાનું જાણવા મળે છે.

આ સંદર્ભે બહાર આવેલી વિગતો મુજબ હાલારમાંથી પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કેટલીક સુવિધાનો રિપોર્ટ કરાયો છે, તેવી જ રીતે રાજ્યભરના જિલ્લા અદાલતોએ આ અંગેની વિગતો એકત્ર કરીને વડી અદાલતને સમયમર્યાદામાં મોકલવાની તજવીજ હાથ ધરી હોય તેમ જણાય છે.

મીડિયા રિપોર્ટ મુજબ ફેમિલી કોર્ટ માટે દ્વારકા જિલ્લાના જામ-કલ્યાણપુર તાલુકા મથકે બે રૂમ ઉપલબ્ધ છે, જેમાંથી એક જ રૂમમાં જરૂરી ફર્નિચર છે. ભાણવડમાં બે રૂમ છે, પણ ફર્નિચર લાવવું પડે તેમ છે. આ જ રીતે જ્યાં જ્યાં થોડી-ઘણી સુવિધાઓ વધારવાની જરૂર છે, તેવા વિરમગામ, છોટા ઉદેપુર, ગાંધીનગર, જૂનાગઢ, વંથલી, ગાંધીધામ, નલિયા, માંડવી વગેરેની યાદી પણ બની રહી છે. ટૂંકમાં હાઈકોર્ટે ફેમિલી કોર્ટના વિસ્તરણની જે ઝુંબેશ હાથ ધરી છે, તે આવકારદાયક છે, અને આપણા દેશમાં સરળ, ઝડપી અને સસ્તો ન્યાય મળતો થાય, તે દિશામાં એક મહત્ત્વપૂર્ણ કદમ છે. સરકારી તંત્રોના ફરિયાદ નિવારણના અભિગમો સારા છે, પણ તેમાં લોકઅદાલતો જેવી પદ્ધતિ જરૂરી છે, ખરૂ ને?

માતાની ફરિયાદ પરથી નોંધાયો ગુન્હોઃ

દિગ્વિજય પ્લોટમાંથી નશાની હાલતમાં યુવકની અટકાયત

જામનગર તા.૧૮: જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારની ૪૯ નંબરની શેરીમાં પોલીસે ગઈકાલે દરોડો પાડી એક શખ્સને નશાની હાલતમાં પકડી પાડ્યો છે. તેના માતાની ફરિયાદ પરથી પોલીસે ગુન્હો નોંધ્યો છે.

જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારની શેરી નં.૪૯માં વસવાટ કરતા ભાવેશ ચત્રભુજભાઈ મંગે નામના ભંગારના વ્યવસાયી ભાનુશાળી યુવાન ગઈકાલે રાત્રે નવેક વાગ્યે કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.

આ શખ્સને પીએસઆઈ ડી.જી. રામાનુજે પકડી પાડી તેઓની માંતા રંજનબેન ચત્રભુજભાઈ મંગેની ફરિયાદ પરથી ગુન્હો નોંધ્યો છે.

એન.ડી. ક્રિએટીવ દ્વારા આવતીકાલે

ધો. ૧૦ની પૂરક પરીક્ષા અંગે માર્ગદર્શક સેમિનાર

જામનગર તા. ૧૮: એન.ડી. ક્રિએટીવ દ્વારા ધો. ૧૦માં નાપાસ વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક માર્ગદર્શક સેમિનાર તા. ૧૯ને રવિવારે સવારે ૧૦ થી ૧૧ અને ૧૧ થી ૧૨ વાગ્યા દરમિયાન એન.ડી.સી. ફ્રી હેલ્થ સેન્ટર, હાલાર હાઉસ, ડો. હેડગેવાર ભવન પાસે, સ્મિત ટેલિકોમ સામે, જામનગરમાં યોજવામાં આવ્યો છે. ધો. ૧૦માં નાપાસ થનાર વિદ્યાર્થીઓ જુન મહિનામાં યોજાનારી પૂરક પરીક્ષામાં ત્રણ વિષયની પુનઃ પરીક્ષા આપી શકશે. વિજ્ઞાન પ્રવાહના 'એ ગ્રુપ' કે 'એ-બી' ગ્રુપમાં જોડાવા માંગતા વિદ્યાર્થીઓ પણ સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા આપી શકશે.

વિવિધ વિષયની પરીક્ષા આપવા માંગતા વિદ્યાર્થીઓને જે-તે વિષયમાં શોર્ટકટ અને સમજણ સાથે કઈ રીતે તૈયાર કરી શકાય વિગેરે બાબતે એન.ડી.સી.ના જયેશભાઈ વાઘેલા દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. સેમિનારમાં જોડાવા માંગતા વિદ્યાર્થીઓએ 'ફ્રી સેમિનાર' લખીને મો. ૯૦૩૩૫ ૫૭૭૯૯ ઉપર વ્હોટસએપ મેસેજ કરવો.

બિનમુસ્લિમ બાળકો અભ્યાસ કરે છે કે કેમ?

જામનગરના મદ્રેસામાં શિક્ષણ વિભાગ દ્વારા તપાસનો ધમધમાટ

જામનગર તા. ૧૮: જામનગર શહેર-જિલ્લામાં મદ્રેસાઓમાં શિક્ષણ વિભાગ દ્વારા આજે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો.

જામનગર જિલ્લા શિક્ષણાધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ શહેરમાં ચાલતા ચારેક મદ્રેસામાં આજે ચાર ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત ડીપીઈઓની ૧૧ ટીમ પણ ચેકીંગ કામગીરીમાં જોડવામાં આવી હતી.

ખાસ કરીને મદ્રેસામાં બિન મુસ્લિમ બાળકો અભ્યાસ કરે છે કે કેમ?, ફાયર એનઓસી ઉપલબ્ધ છે કે કેમ? તે અંગેની તપાસ કરવામાં આવી હતી.

અર્ક મુશ્કેલ સમયમાં સાથ આપવાના બદલે જ્ઞાન આપે, એવા લોકોથી હંમેશા દૂર રહેવું.

શબ્દવ્યૂહ

૫૯૬૪



આડી ચાવી

૧. રાજ્યનો આર્થિક બાબતોનો પ્રધાન ------(૪
૩. નમે નહિં એવું -------(૪
૭. ભૂલા પડી જાય એવી અટપટી રચના -------૬
૯. આંખની પૂતળી -------(૨
૧૧. સાચાપણું, સાચું -------(૨
૧૩. પ્રેરણા કે ઉત્તેજન આપનારું ----------(૩
૧૪. એકબીજાને લંબ હોય એવી સમાન માપની આકૃતિ--(૩
૧૫. ભૌતિક સુખ માટેની ઈચ્છા (૩
૧૬. થાંભલા જેવું ઘણું ઊંચું બાંધકામ ----------(૩
૧૮. હૃદય ----------(૨
૨૦. જેના પાંદડાનું પીણું બને છે તેવો એક પ્રકારનો છોડ (૧
૨૧. મોં, મુખ ----------(૨
૨૨. કિનારો, કાંઠો-------(૨

ઊભી ચાવી

૧. રાસ, નૃત્ય ----------(૨
૨. ધીમું, સુસ્ત ----------(૨
૪. કઠણ ન હોય તે ------(૩
૫. વનસ્પતિ, ફળ વગેરેની ત્વચા ----------(૨
૬. પાણી ખેંચવાનું યંત્ર-----(૨
૭. .....- કચ્છ (ગુજરાતનું એક શહેર) ----------(૨
૮. મોટાનું ચીકણું પ્રવાહી--(૨
૧૦. ખાદ્ય લીલોતરી-કંદ વિગેરે ----------(૨
૧૧. તજવીજ, માહિતી મેળવવા સવાલ પૂછવા તે-------(૩
૧૨. ભરાઉ, સારી રીતે પોષાયેલું ----------(૩
૧૩. હેત, માયાળુપણું-------(૨
૧૫. કમ, વારી----------(૨
૧૭. વાળંદ, હજામ --------(૨
૧૯. ટેવ, વ્યસન ---------(૨

આડી ચાવી (૧) વાલોદિમિર ઝેલેન્સ્કી (૫) પરોક્ષ (૬) કરણ (૮) નાત (૧૧) રત્નજડિત (૧૪) સંત (૧૫) દેવાંશી (૧૭) કચાશ (૧૮) મૌન (૧૯) પ્રેરક (૨૧) મા (૨૨) સીદી (૨૩) મામી

ઊભી ચાવી (૧) વાયુસેના (૨) મિનારો (૩) લેખક (૪) જાણ (૭) રબ (૯) તરત (૧૦) પોત (૧૨) જવ (૧૩) માશી (૧૪) સંપ (૧૫) દેશપ્રેમી (૧૬) માનસી (૧૭) કળ (૨૦) કથા

ઉકેલ કોયડા નં. ૫૯૬